Registration No.: 88823/2019
Filing No.: 88823/2019
Filed On: 05-10-2019
Registered On : 05-10-2019
Decided on : 14/12/2019
Duration: dd/mm/yy

**IN THE COURT OF ADD.CHEIF METROPOLITAN MAGI.COURT NO.1 AT.AHMEDABAD**

**CRIMINAL CASE NO. 88823/2019**

**Exh.4**

**Complainant**:

1. **The state of Gujarat**

**VERSUS**

**Accused**:

1. **Mayank Shubhasbhai Bhavsar, At.Chamundanagar, Bapunagar, A.bad.**

Appearance :
Miss. M. A.Mekvan A.P. P. For Complainant 1,
No Advocate For Accused 1 ,

---

**ગુનોઃ પ્રોહી.ની કલમ-૬૬(૧)(બી), ૮૫(૧)(૩) મુજબ.**

## -: J U D G E M E N T :-

(૧) **ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે** આ કામના આરોપીએ જાહેરમાં વગર પાસ પરમીટે દારૂ પીધેલ હાલતમાં લથડિયા ખાતો મળી આવી પકડાઈ જઈ જે અંગે ફરિયાદીએ ફરીયાદ પો.સ્ટે.માં આપતાં તે અંગે ધી પ્રોહી. એકટ ૬૬(૧)(બી), ૮૫(૧)(૩) મુજબ ગુનો કરેલ હોઈ તે અંગે તપાસનીશ અધિકારીએ તપાસના ક્રિ. પ્રો. કોડની કલમ ૧૭૩(૨) મુજબ ચાર્જશીટ કરેલ.

(૨) આરોપીને સંમશ કાઢતાં બજી જતાં આરોપી હાજર થતાં તેમને વિના મુલ્યે નકલો પુરી પાડયાની ખાતરી થતાં આરોપી સામે આંક.૨ થી પ્લી લેતાં,ગુનો કર્યાનો ઇન્કાર કરતાં આંક.૩ થી પ્લી લેતાં ગુનો કબુલ હોવાનું જણાવેલ.

(૩) આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી થતા અગાઉ આરોપીએ ગુનો કબુલ કરેલ છે અને તેમનો પ્રથમ ગુનો છે અને તેમના કુંટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શીરે રહેલ છે તેવી રજુઆત કરેલ

છે. આરોપીના ગુનો કબુલ કરેલ છે તે અંગે તે ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમજ ગુનાની સજાની જોગવાઇ સમજાવતા છતાં તેઓ ગુનો કબુલાતને વળગી રહેલ છે જેથી તે ન માનવાને કોઇ કારણ નથી આથી આરોપીને હવે કલમ-૬૬(૧)(બી), ૮૫(૧)(૩) તળેના ગુના સબબ તકસીરવાન ઠરાવવામા આવે છે. અને આરોપીને સજા અંગે સાંભળ્તા આ તેમનો પ્રથમ ગુનો છે અને ગરીબવર્ગના હોવાનું જણાવેલ છે. આ કામે નામ.ગુજરાત હાઇકોર્ટ સમક્ષના ૨૦૦૫(૧)જી.એલ.આર.પેજનં.૭૦૯ પરનો સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવરલાલ હરીચંદ્ જી.ઠાકોરના કેસનો ચુકાદો ધ્યાને લેતાં પુરતાં વ્યાજબી કારણો હોયતો કેસના સંજોગો ધ્યાને લઇ આરોપીને કાયદામાં કરેલ ન્યુનતમ સજા કરતા હળવી સજા કરવાની સત્તા રહેલ છે.આથી તે રજુઆત જોતાં, આરોપીનો પ્રથમગુનો હોઇ કાયદાનુસાર મહત્મ સજા કરવામાં આવેતો રીઢા ગુનેગારોના સંપર્કમા આવે જેથી તેના જીવન પર વિપરીત અસર થાય તેમ છે આથી આરોપીને કાયદાનુસાર સજા ન કરતા હળવી કરવામા આવેતો ન્યાયનો હેતુ જળવાઇ રહે તેમ છે. આથી વિશેષ ચર્ચા ન કરતાં મુદ્દાનં.૧ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અન્વયે નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

-:: હુ ક મ ::-

(૧) આરોપીને કલમ-૬૬(૧)(બી), ૮૫ (૧)(૩) મુજબના ગુનામા તકસીરવાન ઠરાવીને કોર્ટ ઉઠતાં સુધીની સજા અને રૂ.૫૦૦-(પાંચસો રૂપિયા)નો દંડ કરવામાં આવે છે જો આરોપી દંડ ભરવામાં નિષ્ફળ જાયતો દિન-૩૦ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૪/૧૨/૨૦૧૯ ના રોજ માં સ્પેશીયલ સીટીંગ/ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**Date . 14/12/2019**
**Place :**
**SPECIAL SITTING ,**
**AHMEADABAD**

**MR.UTTAMKUMAR NARAYANDAS SINDHI**
**GJ-00741**
**ADDL.CHIEF METROPOLITAN MAGI.**
**COURT NO.1,AHMEADABAD**